# Official Spokesperson's response to a media query seeking reaction to recent developments in Libya

June 24, 2020

## લિબીયામાં તાજેતરનાં વિકાસો પર પ્રતિભાવ માંગતા મીડિયાનાં પ્રશ્ન પર અધિકૃત પ્રવક્તાનો પ્રતિભાવ

જૂન 24, 2020

**લિબીયામાં તાજેતરનાં વિકાસો પર પ્રતિભાવ માંગતા મીડિયાનાં પ્રશ્નનાં પ્રતિભાવમાં, અધિકૃત પ્રવક્તા શ્રી અનુરાગ શ્રીવાસ્તવે કહ્યું હતું,**

"લિબીયામાં સતત વિગ્રહ અને અસ્થિરતા આંતરરાષ્ટ્રિય ચિંતાની બાબત છે. લિબીયામાં તમામ દુશ્મનાવટો તાત્કાલિક સમાપ્ત કરવા તરફનાં પ્રયાસોને અમે સમર્થન આપીએ છીએ. 19 જાન્યુઆરી 2020 નાં રોજ યોજાયેલી બર્લિન ઈન્ટરનેશનલ કોન્ફરન્સ અને 6 જૂન 2020 નાં રોજનાં કૈરો ડીક્લેરેશન સહિત આ દિશામાં કરવામાં આવેલા તાજેતરનાં પ્રયાસોને અમે સંજ્ઞાનમાં લઈએ છીએ, અને આશા રાખીએ છીએ કે આ શરૂઆતો લિબીયાનાં સાર્વભૌમત્વ, એકતા અને પ્રાદેશિક અખંડિતતાનું રક્ષણ કરવા સાથે લિબીયાનાં લોકોની વાજબી મહાત્વાકાંક્ષાઓને ધ્યાનમાં લઈ આંતર-લિબીયા સંવાદ મારફત આ વિગ્રહનું શાંતિપૂર્ણ માર્ગે નિરાકરણ લાવવાને પ્રોત્સાહિત કરશે."

**નવી દિલ્હી**
**જૂન 24, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.